### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ દ્વારા શુક્રવારે મોડી સાંજે જાહેર કરાયેલા તમામ ઉમેદવારોને છેલ્લા દિવસે મેન્ડેટ આપવામાં આવ્યા

# આણંદ કોંગ્રેસમાં આંતરિક અસંતોષનો ગણગણાટ

**આણંદમાં સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણી ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારી પત્રોનો 'ઢગલો'

(પ્રતિનિધિ) આણંદ તા 11

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે મોટા પ્રમાણમાં રાજકીય ચહલપહલ જોવા મળી હતી. છેલ્લી ઘડી સુધી દોડા દોડી કરી મોટી સંખ્યામાં ઉમેદવારોએ ચૂંટણી અધિકારીઓ સમક્ષ પોતાના ફોર્મ રજૂ કરતાં જિલ્લાભરમાં ચૂંટણીનો માહોલ વધુ ગરમાયો હતો. સમગ્ર જીલ્લામાં દિવસભર તમામ તાલુકા કચેરીઓ અને તમામ નગરપાલિકા કચેરીઓ ખાતે ઉમેદવારો અને તેમના સમર્થકોની ભીડ જોવા મળી હતી.

અંતિમ દિવસ સુધી રાજકીય પક્ષોના સત્તાવાર મેન્ડેટની રાહ જોતા ઘણા દાવેદારોને છેલ્લી ક્ષણે દોડાદોડી કરવાની ફરજ પડી હતી. પક્ષમાંથી ટિકિટ મળશે કે નહીં તેની અનિશ્ચિતતા વચ્ચે અનેક ઉમેદવારોએ અંતિમ સમયગાળામાં જ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા. જેના કારણે કેટલીક બેઠકોના ઉમેદવારોની પરિસ્થિતિ ચિંતાજનક બની હતી.

આણંદ જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકો માટે 162 જેટલા ઉમેદવારી પત્રો રજૂ કરાયા હોવાનું જાણવા મળે છે, જે બેઠકોની સંખ્યા કરતાં ચાર ગણાં જેટલા છે. જોકે આ તમામ ફોર્મ માન્ય ગણાશે કે નહીં તેની ચોક્કસ માહિતી હવે ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

આ ઉપરાંત બોરસદ, આંકલાવ, આણંદ, ઉમરેઠ, પેટલાદ, સોજીત્રા, ખંભાત અને તારાપુર તાલુકા પંચાયતોની કુલ 192 બેઠકો માટે 667થી વધુ ઉમેદવારી પત્રો રજૂ થયા છે. તાલુકા પંચાયત બેઠકોની ચૂંટણી માટે પણ ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.

તેવી જ રીતે નગરપાલિકા ચુંટણી માટે શહેરમાં પણ ખુબ જ ઉત્સાહ રહ્યો હતો. બોરસદ, ખંભાત, પેટલાદ, સોજીત્રા, ઉમરેઠ અને નવરચિત તારાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે મોટી સંખ્યામાં ઉમેદવારોએ ફોર્મ રજૂ કરતાં શહેરી વિસ્તારોમાં પણ રાજકીય માહોલ ઉતેજના સભર રહ્યો છે. જિલ્લાની છ નગરપાલિકાની કુલ 184 બેઠક માટે 499 ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં આણંદ જિલ્લામાં કુલ 468 જેટલી બેઠકો માટે ભાજપ દ્વારા તમામ ઉમેદવારોની યાદી શુક્રવારે મોડી સાંજે જાહેર કરી દેવામાં આવી હતી અને જાહેર કરાયેલા તમામ ઉમેદવારોને સત્તાવાર મેન્ડેટ પણ આપવામાં આવ્યા હતા. બીજી તરફ મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસે સત્તાવાર યાદી જાહેર ન કરતાં ઉમેદવારોને વ્યક્તિગત રીતે જાણ કરી ઉમેદવારી નોંધાવવા સૂચના આપી હતી, જેના કારણે કોંગ્રેસમાં આંતરિક ગોઠવણો અને અસંતોષની ચર્ચાઓ ઉઠી રહી છે. આમ આદમી પાર્ટી દ્વારા શરૂઆતમાં કેટલીક બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ અંતિમ ક્ષણે કેટલાક ઉમેદવારો ચૂંટણીમાંથી વિમુખ થયા હોવાની માહિતી સામે આવી છે. જેના કારણે ત્રીજા વિકલ્પ તરીકે ઉભરતી પાર્ટી માટે આ સ્થિતિ પડકારરૂપ બની શકે છે.

આ સમગ્ર પરિસ્થિતિને જોતા આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ત્રિકોણીય તેમજ ઘણા સ્થળોએ બહુમુખી જંગ સર્જાવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

### કરમસદ-આણંદ મનપાની પ્રથમ ચૂંટણીમાં કોર્પોરેટર બનવા ઉત્સાહ છવાયો

કરમસદ-આણંદ મનપાની પ્રથમ સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો જમાવડો જોવા હતો. કુલ 13 વોર્ડની 52 બેઠકો માટે છેલ્લા દિવસ સુધીમાં 181 જેટલા ઉમેદવારી પત્રો રજૂ થતાં ચૂંટણીમાં ભારે ઉત્સાહ સાથે રાજકીય ચહલપહલ જોવા મળી હતી. નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતરિત થયેલી કરમસદ-આણંદ મહાનગરપાલિકાની આ પ્રથમ ચૂંટણી હોવાને કારણે દરેક વોર્ડમાં ઉમેદવારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ખાસ કરીને આણંદ, કરમસદ અને વિદ્યાનગર જેવા શહેરી વિસ્તારો સાથે સાથે આસપાસના ગ્રામ્ય વિસ્તારોને મહાનગરપાલિકામાં સમાવાયા બાદ રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર આવ્યો છે. અગાઉ ગ્રામ પંચાયત સ્તરે સરપંચ કે સભ્યપદ માટે ચૂંટણી લડતા દાવેદારો હવે કોર્પોરેટર બનવા માટે આતુર બન્યા છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પણ રાજકીય સક્રિયતા વધી ગઈ છે.

### 6 પાલિકામાં 499 ફોર્મ ભરાયાં

| પાલિકા | બેઠક | ફોર્મ |
|---|---|---|
| ખંભાત | 36 | 108 |
| પેટલાદ | 36 | 82 |
| બોરસદ | 36 | 120 |
| ઉમરેઠ | 28 | 72 |
| સોજિત્રા | 24 | 57 |
| તારાપુર | 24 | 60 |
| **કુલ** | **184** | **499** |

### 8 તાલુકા પંચાયતમાં 667 ફોર્મ ભરાયાં

| પંચાયત | બેઠક | ફોર્મ |
|---|---|---|
| પેટલાદ | 28 | 83 |
| આંકલાવ | 20 | 87 |
| તારાપુર | 16 | 72 |
| ઉમરેઠ | 22 | 52 |
| બોરસદ | 34 | 142 |
| સોજિત્રા | 16 | 51 |
| આણંદ | 30 | 103 |
| ખંભાત | 26 | 77 |

### સ્થાનિક સ્વરાજ્યનું ચિત્ર 15મીએ સ્પષ્ટ થશે

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો. હવે, 13 મી એપ્રિલના રોજ ફોર્મની ચકાસણી કરવામાં આવશે અને 15 મી એપ્રિલ બપોરે 3-00 કલાક સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. બાદમાં ચિત્ર સ્પષ્ટ થશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 26મી એપ્રિલના રોજ મતદાન યોજાશે અને 28મી એપ્રિલના રોજ મતગણતરી યોજાશે, તેમ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ખેડા જિલ્લાની 4 પાલિકામાં 257 ઉમેદવારો મેદાનમાં

**અપક્ષ** ઉમેદવારો રાજકીય પક્ષોનું ગણિત બગાડશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

ખેડા જિલ્લાની ચાર મુખ્ય નગરપાલિકાઓની આગામી ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જિલ્લા ચૂંટણી તંત્રના જણાવ્યા અનુસાર, કપડવંજ, કઠલાલ, કણજરી અને ઠાસરા નગરપાલિકાની કુલ 100 બેઠકો માટે 257 ફોર્મ ભરાયા છે.

કપડવંજમાં 28 બેઠકો માટે 63, કઠલાલમાં 24 બેઠકો માટે 48, કણજરીમાં 24 બેઠકો માટે 52 અને ઠાસરાની 24 બેઠકો માટે સૌથી વધુ 93 ફોર્મ ભરાયા છે. મહેમદાવાદ નગરપાલિકાના વોર્ડ નંબર 1 અને 5 ની પેટાચૂંટણીમાં પણ રસાકસી જોવા મળી રહી છે.

પક્ષીય સમીકરણો અને અપક્ષોનો દબદબો ચૂંટણી મેદાનમાં રાજકીય પક્ષોની વાત કરીએ તો, ભાજપે 88, કોંગ્રેસે 36 અને આમ આદમી પાર્ટીએ 3 બેઠકો પર ફોર્મ ભર્યા છે. જોકે, આ વખતે 102 જેટલા અપક્ષ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવી રાજકીય પક્ષોની ઉંઘ હરામ કરી દીધી છે. ખાસ કરીને ઠાસરામાં સૌથી વધુ 47 અપક્ષ ઉમેદવારો હોવાથી ત્યાંના પરિણામો રોમાંચક બની શકે છે.

કઠલાલ નગરપાલિકામાં આ વખતે અનોખો રાજકીય માહોલ જોવા મળી રહ્યો છે. અહીં કોંગ્રેસની ગેરહાજરીમાં ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે સીધો જંગ ખેલાશે. સમાજવાદી પાર્ટીના સ્વ. લાલાભાઈ પટેલના પત્ની તોરલબેન પટેલે મોરચો સંભાળી મજબૂત ઉમેદવારો ઉતાર્યા છે.

### ખેડા જિલ્લામાં ચૂંટણી પૂર્વે જ ભાજપનો વિજયી શંખનાદ

# ખેડામાં ભાજપે 11 બેઠકો બિનહરીફ કબજે કરી, વિપક્ષના સૂપડા સાફ

વિપક્ષી ઉમેદવારોના અભાવે ભાજપની મજબૂત રાજકીય પકડ સાબિત થઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનો પ્રારંભ થાય તે પૂર્વે જ ભાજપે પોતાનો મજબૂત રાજકીય ગઢ સાબિત કરી દીધો છે. જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની કુલ 11 બેઠકો પર ભાજપના ઉમેદવારો સત્તાવાર રીતે બિનહરીફ જાહેર થયા છે. વિરોધ પક્ષો દ્વારા ફોર્મ ન ભરાતા અથવા ફોર્મ પરત ખેંચાતા મતદાન પહેલા જ ભાજપે જીતનો સ્વાદ ચાખ્યો છે, જેના કારણે જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ખેડા જિલ્લામાં વિપક્ષી રણનીતિ નિષ્ફળ રહી છે, જ્યારે ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. ખાસ કરીને મહેમદાવાદ, નડિયાદ અને ઠાસરા પંથકમાં વિરોધ પક્ષના મેદાન છોડી દેવાથી ભાજપનું પલડું ભારે રહ્યું છે. આ જીત ભાજપની સંગઠન શક્તિ અને મતદારો પરની પકડ દર્શાવે છે.

ચૂંટણી પૂર્વે જ આટલી મોટી સંખ્યામાં બેઠકો બિનહરીફ થતા આગામી સમયમાં યોજનારી અન્ય બેઠકો માટે પણ ભાજપનો જુસ્સો બમણો થયો છે, જ્યારે વિપક્ષ માટે અસ્તિત્વ ટકાવી રાખવાનો પડકાર ઉભો થયો છે. જેથી હજુ બે દિવસ ભારે ખેંચતાણ જોવા મળશે.

### બિનહરીફ બેઠકોનું વિગતવાર સરવૈયું

- **મહેમદાવાદ તાલુકા પંચાયતઃ** અહીં બે બેઠકો પર ભાજપે કબજો કર્યો છે. કાછઇ બેઠક પરથી હેતલબેન ધર્મેન્દ્રસિંહ ચૌહાણ (પ્રથમવાર તક આપી હતી) અને છાપરા બેઠક પરથી રસ્મિકાબેન રાજકમલ પટેલ વિજેતા થયા છે.
- **મહેમદાવાદ નગરપાલિકાઃ** પેટા ચૂંટણીમાં વોર્ડ નંબર 1 અને 5 ની બેઠકો બિનહરીફ થતા કાર્યકરોમાં ઉત્સાહ છે.
- **નડિયાદ તાલુકા પંચાયતઃ** ત્રણ બેઠકો પર કેસરીયો લહેરાયો છે. જેમાં ચલાલીથી શોભનાબેન નવીનભાઇ સોઢા, ભૂમેલથી ઉષાબેન અમૃતસિંહ રાઠોડ અને નરસંડાથી મનિષાબેન સુનિલકુમાર તડવી બિનહરીફ જાહેર થયા છે.
- **ઠાસરા નગરપાલિકાઃ** અહીં સૌથી વધુ 5 બેઠકો (વોર્ડ નં. 4 માં બે અને વોર્ડ નં. 6 માં ત્રણ) પર ભાજપ બિનહરીફ ચૂંટાયા છે.
- **ખેડા તાલુકાઃ** પરસાતજ બેઠક પર પણ ભાજપનો વિજયી પતાકા લહેરાયો છે.

## ખેડામાં ભાજપ - કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ

**જિલ્લા અને** તાલુકા પંચાયતની બેઠકો માટે કુલ 754 ફોર્મ ભરાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 11

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેના અંતે જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે કુલ 754 ફોર્મ ભરાયા છે.

ખેડા જિલ્લા પંચાયતની સ્થિતિ જિલ્લા પંચાયતની કુલ 42 બેઠકો માટે 150 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. જેમાં મુખ્ય પક્ષો પૈકી ભારતીય જનતા પાર્ટી તરફથી 51, રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી 58 અને આમ આદમી પાર્ટી તરફથી 17 ફોર્મ ભરાયા છે, જ્યારે 14 બેઠકો પર અપક્ષ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે.

તાલુકા સ્તરે ભાજપના 255 અને કોંગ્રેસના 259 ઉમેદવારો સામસામે મેદાનમાં છે. રાજકીય પક્ષોએ સાવચેતીના ભાગરૂપે ડમી ઉમેદવારો પાસે પણ ફોર્મ ભરાવ્યા છે, જે ફોર્મ ખેંચવાના દિવસે રદ થશે. આગામી દિવસોમાં ફોર્મની ચકાસણી બાદ ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે અને પ્રચાર યુદ્ધ તેજ બનશે.

ખેડા જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોની 175 બેઠકો માટે 604 ફોર્મ ભરાયા છે. નડિયાદમાં 22 બેઠકો માટે 57 ફોર્મ.ખેડામાં 18 બેઠકો માટે 75 ફોર્મ. માતરમાં 20 માટે 72 ફોર્મ.મહેમદાવાદમાં 27 બેઠકો માટે 98 ફોર્મ ભરાયાં છે. જ્યારે ગળતેશ્વરમાં સૌથી વધુ 193, મહુધામાં 71 અને વસોમાં 38 ફોર્મ ભરાયા છે.

### 'મહાસંગ્રામ' | 13 વોર્ડની 52 બેઠકો માટે 150 ફોર્મ ભરાયા

## નડિયાદ : ભાજપની સત્તા ટકાવવા મથામણ, સામે કોંગ્રેસનો પડકાર

**ભાજપ બેઠકો** બિનહરીફ કરવા સક્રિય, તો કોંગ્રેસે રમી 'અબોલા રમત'

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

નડિયાદ મનપાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધીમાં કુલ 150 ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવતા હવે ખરાખરીનો જંગ જામવાના સંકેતો મળી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, 13 વોર્ડની 52 બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષો સહિત અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

રાજકીય સમીકરણો અને રણનીતિ ચૂંટણી વિશ્લેષણ મુજબ, મુખ્ય મુકાબલો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે રહેવાની શક્યતા છે. ભાજપ તરફથી ડમી ઉમેદવારો સાથે કુલ 73 ફોર્મ ભરાયા છે, જ્યારે કોંગ્રેસ દ્વારા 59 ફોર્મ ભરવામાં આવ્યા છે. આ ઉપરાંત આમ આદમી પાર્ટીએ 2 અને 15 જેટલા અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

આ વખતની ચૂંટણીમાં સત્તાધારી ભાજપ પોતાની સત્તા ટકાવી રાખવા મથી રહ્યો છે, ત્યારે વિપક્ષ એન્ટી-ઈન્કમ્બન્સીનો લાભ લેવા એડીચોટીનું જોર લગાવી રહ્યો છે.

વિશ્લેષકોના મતે, કોંગ્રેસે લાંબા સમય બાદ તમામ વોર્ડમાં નવા અને યુવા ઉમેદવારો ઉતારીને મજબૂત આયોજન કર્યું છે. અગાઉ ઉમેદવારો શોધવા પડતા હતા તેવી સ્થિતિ સામે આ વખતે કોંગ્રેસ પ્રમુખ અને તેમની ટીમે 'અબોલા રમત' રમીને આગોતરા આયોજન સાથે મેદાન મારવા તૈયારી કરી છે.

હવે જ્યારે ફોર્મ ભરાઈ ગયા છે, ત્યારે ખરાખરીનું 'નડિયાદી રાજકારણ' શરૂ થશે. ચર્ચા છે કે ભાજપ આગામી બે દિવસમાં અનેક બેઠકો બિનહરીફ કરાવવા માટે પ્રયત્નશીલ રહેશે. આ વ્યૂહરચના સામે કોંગ્રેસ પણ સતર્ક છે અને પોતાના તમામ ઉમેદવારોને સુરક્ષિત રાખવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહી છે. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે.

## નડિયાદમાં ટિકિટ કપાતા જ પૂર્વ કાઉન્સિલરનો આક્રોશ

**સોશિયલ** મીડિયામાં પર ધારાસભ્ય સામે આક્ષેપો સાથે રોષ ઠાલવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

નડિયાદ નગરપાલિકાની આગામી ચૂંટણીના ગણગણાટ વચ્ચે ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક વિખવાદ અને અસંતોષ સપાટી પર આવ્યો છે. વોર્ડ નંબર 4ના પૂર્વ કાઉન્સિલર મિતિન પટેલે આગામી ટર્મ માટે પક્ષ દ્વારા ટિકિટ ન ફાળવવામાં આવતા સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાનો ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે સીધી રીતે સ્થાનિક ધારાસભ્ય પંકજ દેસાઈ સામે આંગળી ચીંધીને ટિકિટ વહેંચણીમાં તેમની મનમાની અને જોહુકમી ચાલતી હોવાનો આક્ષેપ કર્યો છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે.

આ અંગે મિતિન પટેલે પોતાની પોસ્ટમાં કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, નડિયાદ તો પંકજ દેસાઈનું છે અને તેઓ ધારે તેને ટિકિટ આપે છે અને ધારે તેની ટિકિટ કાપી નાખે છે. પ્રથમ ટર્મમાં 3913 મતોની જંગી બહુમતીથી જીત્યા હોવા છતાં અને પાંચ વર્ષ દરમિયાન રોડ, રસ્તા અને ગટર જેવી પાયાની સુવિધાઓના કામો કર્યા હોવા છતાં પક્ષે તેમને ફરી ઉમેદવારીની તક કેમ ન આપી તે કારણ તેઓ પોતે જાણતા નથી, પરંતુ ધારાસભ્ય બધું જ જાણતા હોવાનું તેમણે ઉમેર્યું હતું. રાજકીય વિશ્લેષકોના મતે મિતિન પટેલની જાહેરમાં વ્યક્ત થયેલી નારાજગી ભાજપમાં ટિકિટ વાંચ્છુકો વચ્ચે ચાલતી આંતરિક ખેંચતાણને છતી કરે છે.

### પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી 'કેસરીયો' ત્યાગી કોંગ્રેસમાં જોડાશે

## માતર તાલુકા પંચાયતની બેઠક પર ભાજપને ઉમેદવાર બદલવો પડ્યો

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે સમીકરણો બદલાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

ખેડા જિલ્લાના માતર વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય અને કદાવર ક્ષત્રિય નેતા કેસરીસિંહ સોલંકી આગામી બે દિવસમાં સત્તાવાર રીતે કોંગ્રેસમાં જોડાવા જઈ રહ્યા છે. ભાજપમાંથી સસ્પેન્ડ થયા બાદ લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો હવે અંત આવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જ્યારે માથે છે, ત્યારે કેસરીસિંહનો આ નિર્ણય સત્તારૂઢ ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થઈ શકે તેમ છે.

ખેડામાં એક તરફ કેસરીસિંહ કોંગ્રેસમાં જઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ ભાજપમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. માતર-2 તાલુકા પંચાયત બેઠક પર જાહેર કરાયેલા ઉમેદવાર અમિત મકવાણાને હટાવીને ભાજપે છેલ્લી ઘડીએ નવઘણભાઈ પરમારને મેદાને ઉતારવા પડ્યા છે. સ્થાનિક કક્ષાએ નેતા નિકુંજ પરમાર ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં જોડાતા ભાજપના નેતૃત્વમાં ચિંતા વ્યાપી ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેસરીસિંહ સોલંકીનો રાજકીય ગ્રાફ છેલ્લા કેટલાક વર્ષોથી ઉતાર-ચઢાવવાળો રહ્યો છે. 2022ની ચૂંટણીમાં ટિકિટ કપાતા તેમણે 24 કલાક માટે આમ આદમી પાર્ટીમાં પ્રવેશ કરી યુ-ટર્ન લીધો હતો. બાદમાં અમૂલ ડેરીમાં પણ બાયોં ચડાવી હતી.

### ચૂંટણી સમીકરણો પર અસર

માતર વિસ્તારમાં મજબૂત લોકસંપર્ક અને પ્રભુત્વ ધરાવતા કેસરીસિંહના કોંગ્રેસમાં જવાથી માત્ર માતર જ નહીં, પરંતુ આસપાસની જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો પર પણ મોટી અસર પડવાની શક્યતા છે. ખાસ કરીને પશુપાલકો અને સહકારી ક્ષેત્રના મતદારોમાં તેમનું વજન ભાજપ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. આગામી બે દિવસમાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓની હાજરીમાં તેઓ વિધિવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કરશે.

## ભારતે સેટેલાઈટ ઈમેજિંગમાં 0.3 મીટર જેટલું સચોટ રિઝોલ્યુશન મેળવ્યું

**ચંદ્રયાનથી ભારતીય** સ્પેસ સ્ટેશન સુધીની સફર પર બીવીએમ ખાતે મંથન કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.11

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) ખાતે પ્રિન્સિપાલ પ્રો. એસ.બી. જુન્નારકર ચેર 'દ્વિતીય પુષ્પ' અંતર્ગત 'ફ્યુચર ઓફ સ્પેસ ટેકનોલોજીઃ બેયોન્ડ અર્થ' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે ઈસરોના ગ્રુપ ડાયરેક્ટર અને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી એન્જિનિયર દર્શન પટેલે ભારતની અંતરિક્ષ ક્ષેત્રે હરણફાળ અને આગામી પડકારો વિશે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો.

વિદ્યાનગર સ્થિતિ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં અંતરિક્ષ વિજ્ઞાનમાં ભારતના દબદબા પર ચર્ચા કરવામાં આવી હતી. આ વ્યાખ્યાન દરમિયાન એન્જિનિયર દર્શન પટેલે 1969ના એપોલો મિશનથી લઈને વર્તમાન સમય સુધીની સ્પેસ ટેકનોલોજીની સફર વર્ણવી હતી. તેમણે જણાવ્યું કે, ભારત આજે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ બન્યો છે. ટેકનોલોજી ક્ષેત્રે ઈસરોએ SLV-3 થી લઈને SSLV સુધીના લોન્ચ વ્હીકલ વિકસાવ્યા છે. ખાસ કરીને સેટેલાઈટ ઈમેજિંગમાં ભારતે 72 મીટરથી સુધારો કરીને 0.3 મીટર જેટલું સચોટ રિઝોલ્યુશન મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે.



આગામી સમયમાં ભારત NISAR (ISRO-NASA મિશન), ગગનયાન, મંગલયાન-3, શુક્રયાન અને ખુદનું 'ભારતીય એવિએશન સ્ટેશન' સ્થાપવા તરફ આગળ વધી રહ્યું છે. હવે સ્પેસ પેલોડમાં એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) નો ઉપયોગ વધી રહ્યો છે અને ભવિષ્યમાં ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ અંતરિક્ષ વિજ્ઞાનના જટિલ કેલ્ક્યુલેશનમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ પ્રસંગે બીવીએમના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે જણાવ્યું હતું કે આ આયોજન પ્રો. એસ.બી. જુન્નારકરના શિક્ષણ જગતમાં પ્રદાનને અંજલિ આપવા માટે છે. 1948માં સ્થપાયેલી આ સંસ્થા તેના સમૃદ્ધ વારસા અને એકેડેમિક એક્સેલેન્સ માટે જાણીતી છે. ઈસરોના ડાયરેક્ટર દર્શન પટેલે પણ પોતાની સફળતામાં બીવીએમના પાયાના શિક્ષણનો સ્વીકાર કર્યો હતો અને નોંધ્યું હતું કે બીવીએમના વિદ્યાર્થીઓ હાલમાં પણ ઈસરોમાં ઈન્ટરશીપ દ્વારા ટેકનિકલ કૌશલ્યનું પ્રદર્શન કરી રહ્યા છે. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ પટેલ સહિત મહાનુભાવો અને પ્રોફેસરો ઉપસ્થિત રહ્યાં હતાં.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225